GJBK120007662022

# અમીરગઢ તાલુકાના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા.

**મું.અમીરગઢ**

ક્રી.કેસ.નંબર ૫૯૩/૨૦૨૨

ફરિયાદી શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી ભેમાજી નાગજીજી પુજાણી ઠાકોર,
રહે.કોરોના હોટલની પાછળ અમીરગઢ તા.અમીરગઢ જી.બનાસકાંઠા.

**ગુનો :પ્રો.એ.ક. ૬૬(૧)(બી) મુજબ.**

**ઠ રા વ**

૧. આ કામના આરોપી એ વગર પાસ– પરમીટે, ગેરકાયદેસરનો, પ્રતિબંધિત દારુ પી જાહેરમાં પકડાઈ જઈ આરોપીએ પ્રો.એ.ક. ૬૬(૧)(બી) મુજબનો ગુનો કરી મળી આવતાં, આ અંગે અમીરગઢ પો.સ્ટે.ના પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૩૨૨૦૩૫૯/૨૦૨૨ થી ઉપર મુજબનો ગુનો નોંધવામાં આવેલો અને આ ગુનાની તપાસના અંતે અમીરગઢ પોલીસ ધ્વારા આરોપી વિરુધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

૨. આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતાં, આરોપી અત્રેની અદાલતમાં હાજર થયા બાદ,આક્ષેપીત ગુના અંગે આરોપીની **આંક**. થી સમરી ફોર્મમાં પ્લી નોંધતાં, આરોપીએ તેમના સામેના ગુનાની સ્વૈચ્છિક રીતે કબુલાત કરેલી છે. આ ઉપરાંત, આરોપીએ **આંક**. થી ગુના કબુલાતની પુરસીસ આપેલી છે.

૩. આ કામના આરોપીએ તેમના વિરુધ્ધના ગુનાની સ્વૈચ્છિક રીતે કબુલાત કરેલી છે. આરોપીની આ કબૂલાત કોઈપણ જાતના દાબ દબાણ વિનાની સ્વૈચ્છિક છે. આરોપીએ **આંક**. ની પુરસીસમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુનો છે, તેઓ ગરીબ કુટુંબના વ્યકિત છે. કુટુંબના ભરણપોષણની જવાબદારી તેઓના ઉપર છે. ગુના બદલ તેઓ પસ્તાવો વ્યકત કરે છે. આમ, આરોપીનો આ પ્રથમ ગુનો છે. ગુના બદલ તેઓ પસ્તાવો વ્યકત કરે છે. તેઓના ઉપર તેઓના કુટુંબના ભરણપોષણની

જવાબદારી છે વિગેરે હકીકતો ધ્યાને લેતાં તેમજ ગુનાનો પ્રકાર જોતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના માનનીય જસ્ટીસ શ્રી જે.એન. ભટ્ટ સાહેબે આ અંગેના તેઓના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અને આપેલ માર્ગદર્શન મુજબ આરોપીને ગુનામાં ઠરાવેલી મહત્તમ સજા નહીં કરતાં, હળવી અને વાજબી સજા કરવામાં આવશે તો તેનાથી ન્યાયનો હેતુ સરસે અને તેથી નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે :

**<u>હુ ક મ</u>**

આરોપીને ક્રિ.પ્રો.કો.ક. ૨૫૨ અન્વયે પ્રો.એ.ક. ૬૬(૧)(બી), ના ગુનામાં દોષિત ઠરાવવામાં આવે છે. આરોપીને પ્રો.એ.ક. ૬૬(૧)(બી),ના ગુનામાં રુા. ૧૦૦/– (અંકે રુપીયા એકસો પુરા) દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો વધુ દિન બે ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

આજરોજ લોક અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા. ૧૨/૧૧/૨૦૨૨

મુ.અમીરગઢ

(એસ.જી.પરમાર)
જયુડી.મેજી. ફર્સ્ટ કલાસ
અમીરગઢ
યુનિક કોડ નં.જીજે ૦૧૧૪૬